# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com web :- www.suratdeo.org


જા.ન./પગારડેટા/માર્ચ/૨૦૨૫/ ૨૦૯૩ તા. ૦૧/૦૩/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

વિષય :- માહે **માર્ચ-૨૦૨૫ પેઈડ ઇન એપ્રિલ-૨૦૨૫** માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના માહે **માર્ચ -૨૦૨૫ પેઈડ ઇન એપ્રિલ -૨૦૨૫**નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૦૪/૦૩/૨૦૨૫ | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | ૦૫/૦૩/૨૦૨૫ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

## પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે

- સને વર્ષ ૨૦૨૫-૨૬નાં વર્ષમાં ઇન્કમટેક્ષ તથા જી.પી.એફ.ની રેગ્યુલર કપાતની રકમમાં ગત વર્ષની રકમ કરતાં વધારો/ઘટાડો કરવા માટે ફેરફાર હોય તેવા જ કર્મચારીઓનાં ડેટા પત્રક R.T.-૩ પત્રકમાં બે કર્મચારીઓની વચ્ચે એક-એક લીટી છોડી ચઢતા ક્રમાંકમાં એમ્પ્લોય નંબર મુજબ યાદી તૈયાર કરી આપી જવાનાં રહેશે.
- સદર વર્ષમાં ઉપરોકત કપાતો એક જ વખત ડેટા આપવાના રહેશે. એટલે સને વર્ષ-૨૦૨૫-૨૬નાં પગારની ગણતરી કરી સરખા ભાગે બાર માસની કપાતની રકમ R.T-૩ પત્રક આપવાની રહેશે.
- જે કર્મચારીઓની જૂથ વીમા કપાતની રકમ કપાત થયેલ નથી તેવા કર્મચારીઓની કપાતની રકમ ગુલાબી ચલણમાં (૮૪૪૩ સિવિલ ડીપોઝીટ, બિન સરકારી માધ્યમિક કર્મચારીઓ માટેની જૂથવીમા યોજના –પી.એલ.એ. ટુ ડી.ઈ.ઓ./પી.ડી. એકાઉન્ટ-૦૦૬) બજેટ સદર દર્શાવી બેંકમાં જમા કરવી બેન્કનાં સહી-સિક્કાવાળું ચલણ પગારશાખામાં અચૂક જમા કરાવવાનું રહેશે.
- નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ કપાત ફરજિયાત બંધ કરવાની રહેશે. જો સમયમર્યાદામાં G.P.F કપાત બંધ કરવામાં આવશે નહિ તો વ્યાજ સંબંધિત કોઈપણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. જેની ખાસ નોંધ લેશો.

- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઈપ, કંપની કોડ વગેરે ચોકસાઈપૂર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.
- માહે ફેબ્રુઆરી-૨૦૨૫ નું ઓનલાઈન બીલની પ્રિન્ટ કાઢી તેનો સંપૂર્ણ અભ્યાસ કરી પગાર ડેટા રજુ કરવાનાં રહેશે. ડેટા રજુ કર્યા બાદ તેમાં સુધારા વધારા થઈ શકશે નહિ. સમયમર્યાદા બાદ ડેટા સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.

**નોંધ :- કર્મચારીનો એમ્પલોય નંબર લખ્યા બાદ ચકાસણી કરી ડેટા રજૂ કરવાના રહેશે અન્યથા ડેટા બાબતે જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**નકલ રવાના : જાણ તથા કેમ્પ અન્વયે જરૂરી વ્યવસ્થા કરવા સારુ.**

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત